## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




પક્ષનાં વરિષ્ઠ નેતા સરળ, સ્પષ્ટ અને ટુંકમાં... એવુ સરસ રીતે સમજાવે છે કે અમારે કોઇને પણ પુછવા રોકાવાની બીલકુલ જરૂર જ રહેતી નથી...!!!



ગાંધીનગરની ઓળખ સમાન બે સેક્ટરના બગીચાઓનું રીનોવેશન કાર્ય પૂર્ણજોશમાં ચાલી રહ્યુ છે. કેટલાક સેક્ટરોમાં તો નવા બનેલા બગીચાઓનું લોકાર્પણ પણ થઈ ચુક્યુ છે. સેક્ટર-૬માં હમણાં જ રીનોવેશ કરેલા બગીચાને પ્રજાનાુપયોગ માટે ખુલ્લો મુકાયો છે જોકે આ બગીચાની સાચવણી યોગ્ય રીતે થઈ રહી નથી. મુલાકાતીઓ અહીંના સાધનોને નુકશાન પ્પહોમચાડે છે. રમત ગમતના ઘણા સાધનો તુટી ગયા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૫ ડિગ્રી નોંધાયો હતો.

● ગાંધીનગર જિલ્લામાં વહીવટીતંત્ર ચૂંટણીની તૈયારીમાં ગળાડૂબ થયુ છે.

● જિલ્લામાં નિમાયેલા ખર્ચ નિરીક્ષકો ગાંધીનગર આવી પહોંચ્યા છે અને તેમણે આજે કલેક્ટર સાથે બેઠક કરી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત છઠ્ઠા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં પાણી નહિ આવતુ હોવાની ફરિયાદ ઉઠી છે.

● કડી કેમ્પસની શાળાના ૨૦૦થી વધુ શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંગે તાલિમનું આયોજન કરવામાં આવ્યું છે.

● ચૂંટણીની આચારસંહિતા અમલી થઈ જતાં નવા વિકાસકામોને મંજૂરી આપવા પર બ્રેક લાગી ગઈ છે.

● વિવિધ સેક્ટરોમાં મુકવામાં આવેલા બાંકડાઓ પૈકી ઘણા બધા બાંકડા બિસ્માર બની ગયા છે.

● જુના સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શનની કાર્યવાહી આજે ખોરવાઈ હતી.

● સે. ૧૯માં પાણીનો પુરવઠો બે દિવસથી બંધ રહેવા પામ્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજકાલ સ્નેહમિલન સમારોહોના આયોજન વધવા પામ્યા છે.

● લગ્નસરાની મોસમને લઈ બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## મહુન્દ્રા ગામે જૂની પરંપરાને ઉજાગર કરવા ભવાઈ (નાટક)નો કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે જૂની પરંપરાગતને લોકોમાં ઉજાગર કરવા ભવાઈ (નાટક)નો કાર્યક્રમ યોજાયો.

જેમાં ભારતીય લોક સંસ્કૃતિ-કલાને ઉજાગર કરતો આ પ્રોગ્રામમાં અવેરનેસરૂપે પાણી બચાવો, વૃક્ષો વાવો, જીવન બચાવો પર્યાવરણ બચાવો, બેટી બચાવો, બેટી વધાવો જેવા સામાજિક અને જીવનશૈલીને અનુરૂપ વિષયોને આવરી લઈ રસપ્રદ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગામના અગ્રણી તથા સર્વે ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

# ચરાડા ખાતે અર્બુદા સેના દ્વારા સ્નેહમિલનની તડામાર તૈયારીઓ



ગાંધીનગર, તા.૧૦

રાજયના પૂર્વ ગૃહમંત્રી, દુધસાગર ડેરીના પૂર્વ ચેરમેન અને અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલભાઈ ચૌધરીના ગામ ચરાડા ખાતે આગામી તા.૧૫ નવેમ્બરના રોજ સવારે ૯ કલાકે સ્વ.માનસિંહ પૃથ્વીરાજભાઈ પટેલ સ્ટેડીયમ ચરાડા ખાતે મહાસભા યોજાવાની છે.જેમાં સમગ્ર રાજયમાંથી ચૌધરી સમાજના ભાઈબહેનો લાખોની સંખ્યામાં હાજર રહેશે. ત્યારે હાલ ચરાડા સ્ટેડીયમ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ સ્નેહમિલનને સફળ બનાવવા માટે અર્બુદા સેનાના હજ્જારો કાર્યકરો કામે લાગ્યા છે. મળતી વિગત મુજબ અર્બુદા સેના ગુજરાત દ્વારા આગામી તા.૧૫ નવેમ્બરના રોજ ચાલો ચરાડા સમાજ ને એક કરીએ ના સ્લોગન સાથે સ્નેહમિલન તેમજ સાધારણ સભાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ચરાડા ખાતે આયોજીત ચૌધરી સમાજના શકિત પ્રદર્શનમાં સમાજના લાખો ભાઈ બહેનો હાજર રહેશે.

સરકાર દ્વારા અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલભાઈ ચૌધરી સામે ખોટો કેસો કરી તેઓને જેલમાં પુરી દેવામાં આવ્યા છે. ત્યારે તેઓને સરકાર દ્વારા જલ્દી મુકત કરવામાં આવે તે માટે અર્બુદા સેનાના કાર્યકરો સતત લડત ચલાવી રહ્યા છે. ત્યારે અર્બુદા સેના દ્વારા આગામી તા.૧૫ નવેમ્બરના રોજ ચરાડા ખાતે સમાજનું સ્નેહમિલન અને સાધારણ સભાનુ આયોજન કરવામાં આવ્યું છે. ચૌધરી સમાજના શકિત પ્રદર્શનને લઈ અન્ય રાજકીય પક્ષોમાં પણ ચહલપહલ વધી જવા પામી છે. જયારે હાલ ચરાડા ખાતે અર્બુદા સેનાના કાર્યકરો દ્વારા વિશાળ શામિયાણો તૈયાર થઈ રહ્યો છે. જેમાં સમાજના ભાઈબહેનો મોટીસંખ્યામાં બેસી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે સભામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહી સેનાના કાર્યકરોને માર્ગદર્શન પુરુ પાડશે.

## ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલના લોબીના શૌચાલય બંધ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં વોર્ડની બહાર લોબીમાં આવેલા ૧ થી ૮ માળના તમામ શૌચાલય બંધ કરી દેવામાં આવ્યા છે. જેથી વોર્ડના શૌચાલયમાં દર્દીઓ તેમજ સગાઓની ભીડ જામે છે. જયારે લોબીમાં આવેલા શૌચાલય ગટર ચોકઅપ થઈ જતા તંત્ર દ્વારા પ્લાયવુડની સીટની આડશ મુકી કાયમી માટે બંધ કરી દેવામાં આવ્યા છે. જયારે ગટરની સાફ સફાઈ બાદ આ શૌચાલય ફરી દર્દીના સગાઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દિવસે ને દિવસે વધુ મોટી થતી જાય છે. મેડીકલ કોલેજ બાદ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનતા આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા જઈ રહ્યો છે. હાલના સમયે હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. વાઈરલ ઈન્ફેકશન વધતા મેડીસીન વોર્ડ સહિત અન્ય વોર્ડમાં પણ દર્દીઓની સંખ્યા સવિશેષ છે. જેથી દર્દીઓ અને તેમની સાથે સગાઓ પણ મોટીસંખ્યામાં રહે છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૧ થી ૮ માળે દર્દીના સગાઓ માટે શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પરંતુ તંત્રના પાપે શૌચાલયની ગટરો ચોકઅપ થઈ જતા સફાઈ થઈ શકે તેવી હાલતમાં પણ નથી. જેથી તંત્ર દ્વારા આ શૌચાલયો બિન ઉપયોગી કરી દેવામાં આવ્યા છે. શૌચાલય છે તેવી જાણ પણ કોઈને ન થાય તે માટે તંત્ર દ્વારા પ્લાયવુડની સીટો મારી જગ્યા ફીટ કરી દેવામાં આવી છે. ત્યારે હાલ દર્દીઓ અને સગાઓ વોર્ડમાં રહેલા શૌચાલયનો ઉપયોગ કરે છે. જેથી વોર્ડના શૌચાલયમાં પણ લાંબી લાઈનના દ્રશ્યો સર્જાય છે. ત્યારે ગટરની સાફ સફાઈ થઈ ગયા બાદ આ શૌચાલય ફરીવાર ઉપયોગી બનશે કે કેમ તેની સામે પણ પ્રશ્નાર્થ છે. ત્યારે સિવિલના સત્તાધિશો હાલના સમયે તો રાઉન્ડ લઈ વિવિધ કામગીરીનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કરી રહ્યા છે. પરંતુ સિવિલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરનું ૧૨મીએ સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે નવા વર્ષના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૧૨મી તારીખે શનિવારે સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી યોજાશે. આ સ્નેહમિલન સમારંભમાં તાજેતરમાં ગાંધીનગર બ્રહ્મ એકેડમીમાંથી તાલીમ મેળવી સરકારી નોકરી પ્રાપ્ત કરનાર યુવક/યુવતીઓનું અને તેમાં સેવા આપનાર સંચાલક અને ફેકલ્ટીનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ઉવારસદ ખાતે વિવિધ અવેરનેસ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર દ્વારા તા. ૩૧-૧૦-૨૦૨૨ થી તા. ૧૩-૧૧-૨૨ના સમયગાળા દરમ્યાન ગાંધીનગર જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ આવેલ તમામ ગામડાઓમાં **‘Empowerment of Citizens through Legal Awareness and Outreach’** પ્રોગ્રામના અંતર્ગત તારીખ ૯-૧૧-૨૦૨૨ના રોજ યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ, ઉવારસદ ખાતેના વિવિધ સ્કીમનું એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કર્ણાવતી કેમ્પસમાં આવેલા તમામ ઈન્સ્ટીટ્યુટના વર્ગ-૪ના તમામ કર્મચારી તેમજ લૉ કોલેજના વિદ્યાર્થીઓને નાલ્સાની સ્કીમ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

તેમજ સદરહુ અંદાજીત ૩૫૦ વિદ્યાર્થીઓ તેમજ ૨૧૫ જેટલા વર્ગ-૪ના કર્મચારીઆને ભાગ લેધેલા તેમજ સદરહુ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ આર.આર. ત્રીવેદી તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના સચિવ વિ.એસ. ગઢવી હાજર રહીને નાલ્સાની સ્કીમ અન્વયે માહિતી પુરી પાડવામાં આવી હતી.

## શહેરમાં વાહનચોરો પોલીસ પકડ થી દુર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ભીડભાડવાળા અને રહેણાંક વિસ્તારમાંથી પણ વાહનચોરીને બિન્દાસ્ત અંજામ આપી ચોર શખ્સો પલાયન થઈ જાય છે. ત્યારે પોલીસના હાથથી હજુ પણ કેટલાક વાહનચોર પકડ થી દુર છે.

મળતી વિગત મુજબ શહેરમાં વાહનચોરીએ માઝા મુકી હતી. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા પ્રકાશમાં આવતા હતા. જયારે સિવિલ હોસ્પિટલ તેમજ સેકટર-૧૧, સરગાસણ, કુડાસણ, સેકટર-૨૧, સેકટર-૨૪ સહિત સેકટરોમાં ઘર આંગણે પાર્ક કરેલા વાહનો પણ સલામત ન હતા. રાત્રે પાર્ક કરેલ વાહન સવારે ગાયબ થઈ જતા હતા. વાહનની ઉઠાંતરી કરી ચોર શખ્સો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું હતું.

પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ તેઓ સિફતપૂર્વક જતા રહે છે. ત્યારે પોલીસના જવાનોએ પણ કેટલાક વાહનચોરને પકડી પાડી વાહનચોરીના કેટલાક ગુનાના ભેદ ઉકેલાયા છે. તો હજુ સુધી કેટલાક વાહનચોર પોલીસ પકડ થી દુર છે.

# આરટી-પીસીઆર રિપોર્ટ ન હોઈ વીમા કંપનીનો ક્લેઈમનો ઈનકાર

### ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરિયાદ : મહિલાએ મૃતક પતિના કોરોનાની સારવારના રેકોર્ડ અને મૃત્યુના વળતરના દસ્તાવેજ રજૂ કરી વીમા કંપનીને પડકારી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા એક વીમા કંપનીને આદેશ આપવામાં આવ્યો છે કે તે વહેલી તકે વિધવા મહિલાને કોરોનાનું વળતર ચૂકવે. આટલુ જ નહીં, માત્ર આરટી-પીસીઆરરિપોર્ટ ન હોવાને કારણે વળતર આપવાનો ઈનકાર કરી દેતાં કોર્ટે કમિશનને ફટકાર પણ લગાવી હતી.

નોંધનીય છે કે, આ મહિલાના કેસમાં ગુજરાત સરકારે સ્વીકાર્યું કે મૃત્યુ કોરોનાને કારણે થયુ હતું અને ૫૦,૦૦૦ રુપિયા વળતર ચૂકવ્યુ હતું, તેમ છતાં વીમા કંપનીએ ક્લેઈમ ફગાવી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે વીમાના દાવેદારે ઓરિયન્ટલ ઈન્શ્યોરન્સ કં. લિમિટેડમાંથી પાંચ લાખ રુપિયાની ખાસ કરીને કોરોના પછી શરુ કરવામાં આવેલી કવચ પોલિસી ખરીદી હતી. માટે કમિશને આ કેસમાં વીમા કંપની સામે કડક વલણ અપનાવ્યું છે. વીમા કંપનીએ દાવેદારને વળતરની રકમ ચૂકવવાની ના પાડી દેતાં કમિશનના અધ્યક્ષ ડી.ટી.સોનીએ જણાવ્યું કે, આ પ્રકારના કેસમાં વીમા કંપનીએ અત્યંત નિરાશાજનક અને ટીકાપાત્ર વલણ અપનાવ્યું છે, જેના કારણે વિધવા મહિલાએ કમિશનના દરવાજા ખખડાવ્યા હતા.

કેસની વિગતવાર વાત કરીએ તો કલોલના ૫૫ વર્ષીય નિર્મલકૌર બગ્ગાએ કમિશનમાં ફરિયાદ દાખલ કરી હતી. કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન તેમના પતિ ત્રિલોચન સિંહ બીમાર થઈ ગયા હતા. ૨ એપ્રિલ ૨૦૨૧ના રોજ એચઆરસીટીરિપોર્ટ કરવામાં આવ્યો તો તેમને કોરોના થયો હોવાની જાણકારી સામે આવી હતી. તેમની સ્થિતિ વધારે ખરાબ થતાં અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૫મી એપ્રિલના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મૃત્યુનું પ્રમાણપત્ર પણ બનાવી દેવામાં આવ્યુ હતું જેમાં કારણ તરીકે કોવિડ-૧૯ લખવામાં આવ્યુ હતું. હોસ્પિટલમાં દાખલ થવાનો અને સારવારનો ખર્ચો લગભગ ૩.૩૨ લાખ રુપિયા થઈ ગયો હતો. નિર્મલ કૌરે રીઈમ્બર્સમેન્ટનો દાવો કર્યો હતો, પરંતુ વીમા કંપનીએ દાવો ફગાવી દીધો હતો.

વીમા કંપનીની દલીલ હતી કે, પતિનું મૃત્યુ કોરોનાને કારણે થયું છે તેનો કોઈ પૂરતો પુરાવો જમા કરવામાં નથી આવ્યો. આરટી-પીસીઆરરિપોર્ટ નેગેટિવ હતો, હોસ્પિટલના રેકોર્ડ તેમજ ડિસ્ચાર્જ સર્ટિફિકેટમાં કોરોનાનો કોઈ જ ઉલ્લેખ નહોતો.

ત્યારપછી નિર્મલ કૌરે કમિશનનો સંપર્ક સાધ્યો હતો અને વીમા કંપનીની દલીલને પડકારી હતી. કંપનીનો દાવો હતો કે કોરોના થયો હોવાનો કોઈ પુરાવો નથી, જ્યારે મહિલાએ સરકાર દ્વારા આપવામાં આવેલા કોરોના વળતરની રસીદ પણ જમા કરાવી હતી.

મહિલાના વકીલે કહ્યું કે, એએમસીદ્વારા આપવામાં આવેલા મૃત્યુના પ્રમાણપત્રમાં પણ કારણ તરીકે કોરોનાનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેડિકલ રેકોર્ડ અને જે પ્રકારની સારવાર કરવામાં આવી છે તના પરથી પણ સાબિત થાય છે કે ફરિયાદીના પતિને કોરોના હતો. કમિશને ફરિયાદીની દલીલને સ્વીકારી અને જોયું કે વીમા કંપનીએ નિર્ણય લેતા પહેલા રિવ્યૂ કમિટીને નહોતો મોકલ્યો. હોસ્પિટલ રેકોર્ડ અનુસાર દર્દીને રેમડેસિવિર અને સ્ટેરોઈડના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા.

# પેથાપુરમાં લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા ૬ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના પેથાપુર નવા વણકર વાસમાં મંદિર પાસે લાઈટના અજવાળે કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા ૬ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓ પાસેથી દાવ અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૧૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી પોલીસ દેશી દારૂની હાટડીઓ ઉપર ત્રાટકી રહી છે.ત્યારે પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે વણકર વાસના મંદિર ખાતે સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર દરોડો પાડી જુગાર રમી રહેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. જો કે પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ થવા પામી હતી. પોલીસે જુગારીઓના નામ પુછતા રાકેશ રામભાઈ નાયક (પેથાપુર ખટાલીયાવાસ), ધર્મેન્દ્ર રેવનદાસ સાધુ (નવો વણકરવાસ), જયેશ મહેન્દ્ર રાઠોડ (રાઠોડ વાસ) દિપક રેવનદાસ સાધુ (વણકરવાસ), કમલેશ ખેમદાસ સાધુ (રહે.પેથાપુર વણકરવાસ), જુબેર એહમદ જહુરમહમદ રાઠોડ (પેથાપુર કસ્બા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Half Year Ended September 30, 2022**

(₹ in Crores)

| Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Half Year Ended | | Year Ended | Quarter Ended | | Half Year Ended | | Year Ended |
| | September 30, 2022 | September 30, 2021 | September 30, 2022 | September 30, 2021 | March 31, 2022 | September 30, 2022 | September 30, 2021 | September 30, 2022 | September 30, 2021 | March 31, 2022 |
| Total Income from Operations | 1,528 | 1,618 | 3,070 | 3,204 | 7,062 | 3,798 | 3,549 | 7,475 | 6,753 | 14,777 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 86 | 118 | 225 | 234 | 505 | 149 | 79 | 288 | 206 | 511 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 86 | 73 | 225 | 189 | 722 | 144 | 64 | 271 | 191 | 696 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 62 | 37 | 175 | 113 | 515 | 98 | 83 | 186 | 161 | 535 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 41 | 19 | 97 | 110 | 521 | 64 | 66 | 51 | 174 | 579 |
| Equity Share Capital (Face Value of ₹. 2 each) | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | | | 4,332 | | | | | 4,249 |
| Earnings Per Share of ₹. 2 each (not annualised) (₹.) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| a) Basic | 4.16 | 2.48 | 11.78 | 7.59 | 34.61 | 5.78 | 5.57 | 11.16 | 10.95 | 36.28 |
| b) Diluted | 4.16 | 2.48 | 11.78 | 7.59 | 34.61 | 5.78 | 5.57 | 11.16 | 10.95 | 36.28 |

Notes:
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 and Regulation 52 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on November 10, 2022. The same have also been subjected to review by the Statutory Auditors.
3 The Board of directors of the Company in their meeting held on February 19, 2022 have approved a Scheme of amalgamation of JMC Projects (India) Limited with the Company. The appointed date under the Scheme is April 1, 2022 and will become effective upon receipt of requisite approval / orders from the competent authorities and Hon'ble NCLT.
4 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Place : Mumbai
Date : November 10, 2022

Manish Mohnot
Managing Director & Chief Executive Officer
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants. b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.